RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 163 * Date: 06.4.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# અશોક ખરાતની 'કોલ ડિટેલ લીક' થતા મહારાષ્ટ્રમાં હડકંપ, CM ફડણવીસે આપ્યા તપાસના આદેશ



દુષ્કર્મના આરોપી ઢોંગી બાબા અશોક ખરાતની કૉલ ડિટેઈલ લીક થયા બાદ મહારાષ્ટ્રમાં હડકંપ મચી ગયો છે. આ મામલો સામે આવ્યા બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અશોક દેવેન્દ્ર ફડણવીસે તપાસના આદેશ આપ્યા છે. ફડણવીસે નાસિકમાં મોટું નિવેદન આપતા કહ્યું છે કે, ખરાત કેસમાં લીક થયેલા કૉલ ડિટેલ રેકોર્ડ (ઝઢઇ)ની તપાસ કરાવાશે અને દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે. આ ઉપરાંત એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ઈઢ) દ્વારા તેની સંપત્તિના તપાસ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિને તેની કૉલ ડિટેલ રેકોર્ડ મેળવવાનો અધિકાર નથી, માત્ર અધિકૃત એજન્સીઓઓ જ મેળવી શકશે. સીડીઆર લીક કેવી રીતે થઈ અને તેની પાછળ કોનો હાથ છે, તેની ઊંડાણપૂર્વક તપાસ કરાવાશે.અશોક ખરાત અનેક હાઈપ્રોફાઈલ લોકો સાથે વાતચીત કરતો હતો. આ મામલે ત્યારે સામે આવ્યો છે, જ્યારે સામાજિક કાર્યકર અંજલિ દામણિયાએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અન્ય વરિષ્ઠ નેતાઓ પર ગંભીર આક્ષેપો કર્યા છે. દામણિયાનો દાવો છે કે, દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા સ્વયંભૂ ધર્મગુરુ અશોક ખરાત સાથે રાજયના અનેક દિગ્ગજ નેતાઓ સંપર્કમાં હતા. તેમણે દાવો કર્યો હતો કે એકનાથ શિંદેના મોબાઈલ પરથી ખરાતને ૧૭ વખત કોલ કરવામાં આવ્યા હતા, જેમાંથી સૌથી લાંબી વાતચીત ૨૧ મિનિટ સુધી ચાલી હતી. આ ૧૭ કોલમાંથી ૧૦ ઈનકમિંગ અને ૭ આઉટગોઈંગ હોવાનું પણ તેમણે જણાવ્યું છે.આ વિવાદમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એનસીપી(દ્મઞ) નેતા રૂપાલી ચાકણકર અંગે થયો છે. અંજલિ દામણિયાએ કોલ ડિટેલ રેકોર્ડ(ઝઢઇ) સોશિયલ મીડિયા પર શેર કરતા આક્ષેપ કર્યો કે રૂપાલી ચાકણકરે ખરાત સાથે કુલ ૧૭૭ વખત વાત કરી છે, જેનો કુલ સમયગાળો ૩૩,૭૨૭ સેકન્ડ જેટલો થાય છે. એટલું જ નહી, રૂપાલીની બહેન પ્રતિભાએ પણ ખરાતને ૨૩૯ કોલ કર્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ભાજપના મંત્રી ચંદ્રકાંત પાટીલ અને એનસીપીના પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરેએ પણ ખરાત સાથે ૮-૮ વખત ફોન પર વાત કરી હોવાના આક્ષેપ દામણિયાએ લગાવ્યા છે.

શિંદે મામલે ફડણવીસે કહ્યું કે, 'આવા સંવેદનશીલ કેસોમાં માત્ર આરોપોના આધારે કાર્યવાહી ન કરી શકાય, તે માટે ચોક્કસ પુરાવા હોવા જરૂરી છે. આ કેસમાં લગભગ ૧૨ કેસ નોંધાયા છે અને વિશેષ તપાસ ટીમ (જીૈં)ને સતત નવી માહિતીઓ મળી રહી છે. આ મામલે વધુમાં વધુ લોકો સામે આવીને માહિતી આપી રહ્યા છે. મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં કડકમાં કડક સજા સુનિશ્ચિત કરવામાં આવશે. કેટલાક લોકો આ કેસને રાજકીય રંગ આપવા માંગે છે, પરંતુ સરકાર આવા રંગને મહત્ત્વ નહીં આપે.'

અશોક ખરાત સામે અત્યાર સુધીમાં કુલ ૧૨ કેસ નોંધાયેલા છે, જેમાંથી ૮ કેસ 'દૈવી શક્તિ'ના બહાને મહિલાઓના જાતીય શોષણના છે, જ્યારે બે કેસ છેતરપિંડી અને ખંડણીના છે. આ ગંભીર ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિ સાથે રાજકીય નેતાઓની આટલી લાંબી વાતચીત પાછળનો હેતુ શું હતો, તે અંગે દામણિયાએ સ્પષ્ટતાની માંગ કરી છે. બીજી તરફ, શિવસેનાના પ્રવક્તા સંજય શિરસાટે આ આરોપો પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે લોકોએ ધીરજ રાખવી જોઈએ, સત્ય જલ્દી સામે આવશે.

## રાજ્યમાં કમોસમી વરસાદનો વધુ એક રાઉન્ડ

# ૬ અને ૭ એપ્રિલે અનેક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના



રાજ્યમાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા અનેક જિલ્લામાં કમોસમી વરસાદ થઈ શકે છે. આગામી ૬ અને ૭ એપ્રિલે અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે પવનની ગતિમાં વધારો પણ થઈ શકે છે અને ત્યારબાદ ૮ એપ્રિલથી તાપમાનમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ માછીમારોને ૬ અને ૭ એપ્રિલે દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હવામાનમાં ફરી એકવાર પલટો આવશે. હવામાન વિભાગ દ્વારા ૭ એપ્રિલે દ્વારકા, જામનગર, રાજકોટ, દાહોદ અને પંચમહાલ સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. મોરબી, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને પાટણ જિલ્લાઓમાં પણ છૂટોછવાયો વરસાદ પડી શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં ગરમીનો માહોલ જોવા મળતો હતો. પરંતુ કમોસમી વરસાદથી તાપમાનમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે.૬ અને ૭ એપ્રિલ દરમિયાન પવનની ગતિમાં નોંધપાત્ર વધારો થશે. જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અસર વધુ જોવા મળી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને બે દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. દરિયામાં ઊંચી તરંગો અને તેજ પવનને કારણે જોખમ વધવાની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં આગામી દિવસોમાં મહત્તમ તાપમાન આશરે ૩૫ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની આગાહી છે. જો કે ત્રણ દિવસ બાદ વાતાવરણમાં ફરી પલટો આવશે તાપમાનમાં વધારો નોંધાઈ શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, રાજયમાં વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહી છે. જેની અસર રાજયના અનેક જિલ્લાઓમાં જોવા મળવાની છે. દ્વારકા, જામનગર, મોરબી, કચ્છ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પંચમહાલ, મહીસાગર સુધી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળવાની છે. ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જેથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે રાજયમાં ફરી એક વખત કમોસમી વરસાદ થઈ શકે છે.

વધુમાં પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, જે બાદ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાનમાં કોઈપણ પ્રકારનો ખાસ બદલાવ આવ્યો નથી. સૌરાષ્ટ્રમાં પણ સામાન્ય કરતા તાપમાન ઓછું જોવા મળી રહ્યું છે. ૩ દિવસ સુધી કોઈ બદલાવ આવશે નહીં જે બાદ ધીમે ધીમે તાપમાનમાં વધારો નોંધાઈ શકે છે. આવતીકાલથી બે દિવસ ૬૦થી ૬૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. અમદાવાદમાં ૩૫ ડિગ્રી અને ગાંધીનગરમાં ૩૪ ડિગ્રી તાપમાન નોંધાઈ શકે છે.

# અમદાવાદ એયરપોર્ટ પરથી ૩ દિવસમાં બીજી વખત ગાંજો ઝડપાયો



અમદાવાદ એયરપોર્ટ પરથી નશાકારક પદાર્થોની દાણચોરીનો સિલસિલો યથાવત છે. ત્યારે ગત ૪ એપ્રિલના રોજ બેંગકોકથી આવેલા ભારતીય મુસાફર પાસેથી હાઈડ્રોપોનિક ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.આ જથ્થાની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત એક કરોડથી વધુ થવા જાય છે.

હેન્ડ બેગ સ્ક્રીનિંગ દરમિયાન શંકાના આધારે, કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ નં. ફઢ-૭૫૦ દ્વારા બેંગકોક (ડોન મુઆંગ)થી આવતા ભારતીય નાગરિકને અટકાવ્યો હતો. મુસાફરના હેન્ડ બેગની વિગતવાર તપાસ કર્યા પછી, લીલાશ પડતા પદાર્થવાળા ચાર વેક્યુમ-સીલબંધ પ્લાસ્ટિક પેકેટ મળી આવ્યા.આ પ્લાસ્ટિકના પેકેટનું તાત્કાલિક પરીક્ષણ કરવામાં આવ્યું. ત્યારે આ પેકેટમાં જે પદાર્થ છે તે હાઈડ્રોપોનિક ગાંજા (કેનાબીસ) હોવાની પરીક્ષણમાં પુષ્ટિ મળી, જેનું વજન ૧.૧૦૭ કિલો હતું.પ્રતિબંધિત સામાન જપ્ત કરવામાં આવ્યો હતો અને દ્નઢૅજી એક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ મુસાફરની ધરપકડ કરવામાં આવી છે.પ્રાથમિક પૂછપરછમાં આ મુસાફર મહારાષ્ટ્રના ઉલ્લાસનનગરનો હોવાનું જાણવા મળ્યું છે. તે કોની પાસેથી અને કોને આપવા ગાંજો લાવ્યો હતો તે અંગે વધુ તપાસ ચાલુ છે.ઉલ્લેખનીય છે કે અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હેડ્રોપોનિક ગાંજાની દાણચોરીના કિસ્સાઓ સતત વધતાં જઈ રહ્યાં છે. આ ગુનામાં સજાની કડક જોગવાઈ હોવા છતાં આ ગાંજાની ડિમાન્ડને કારણે દાણચોરીના કેસો ઘટવાનું નામ લેતાં નથી. આ દરમિયાન બે દિવસ પહેલા પણ વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ નં. વીઝેડ- ૭૫૦ દ્વારા બેંગકોક (ડોન મુઆંગ)થી અમદાવાદ આવી રહેલા બે મુસાફર ગાંજાના જથ્થા સાથે ઝડપાયા હતા.

## જામનગર નજીક જોગવડ વિસ્તારમાં

# એક દંપતિ અને તેની પુત્રીઓ ઉપર હુમલો કરવા અંગેની વળતી ફરિયાદ નોંધાવાઈ

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામે ગઈકાલે મારામારીનો એક બનાવ બન્યો હતો, અને એક જૂથ દ્વારા પોતાને લાકડી સાવરણી વડે માર મારી હુમલો કરાયાની અને અપમાનિત કરાયાની ફરિયાદ નોંધાવાઈ હતી, અને પોલીસે અજાણ્યા ૬ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. દરમિયાન આ પ્રકરણમાં એક મહિલા દ્વારા પોતાને તેમજ પોતાના પતિ અને બે પુત્રીઓને માર મારવાની વળતી ફરિયાદ નોંધાવાઈ છે.

મળતી માહિતી મુજબ તા. ૦૨/૦૨/૨૦૨૬ના રોજ રાત્રે જોગવડ પાટીયા, રાણીશીપ વિસ્તાર ખાતે ગુલાબભાઈની ભાડાની ઓરડી પાસે આ બનાવ બન્યો હતો.

ફરિયાદી પરવીનબેન (ઉ.વ. ૩૬), હાલ રહે. જોગવડ પાટીયા, રાણીશીપ વિસ્તાર, તા. લાલપુર દ્વારા નોંધાવવામાં આવેલ ફરિયાદ મુજબ, તેમના ભાઈ દાઉદ અને જાવેદ તેમના ઘરે આવ્યા બાદ પરત જઈ રહ્યા હતા ત્યારે સામેની ઓરડીમાં રહેતા અજાણ્યા ગુજરાતી ઈસમએ તેમને અટકાવી ઝપાઝપી કરી મારપીટ શરૂ કરી હતી.

# હિમાચલમાં ૨૨ મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી, ૪ લોકોના દર્દનાક મોત, ૧૮ને બચાવાયા

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં પ્રવાસીઓ માટે રવિવાર અમંગળ સાબિત થઈ છે. બંજર પોલીસ સ્ટેશનની હદમાં આવતા સોઝા નજીક ૨૨ મુસાફરોને લઈ જતી એક બસ પર્વતીય રસ્તા પરથી કાબુ ગુમાવતા ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે ૧૮ મુસાફરોનો આબાદ બચાવ થયો છે.

અહેવાલો અનુસાર, પ્રવાસીઓથી ભરેલી આ બસ સોઝા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે વળાંક પર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને બસ સીધી કોતરમાં ખાબકી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસ પલટી મારી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક રહીશો મદદ માટે દોડી આવ્યા હતા અને ઢ્ઢસ્છ કુલ્લુ તેમજ પોલીસની ટીમોને જાણ કરી હતી. પોલીસ, મહેસૂલ વિભાગ, ફાયર બ્રિગેડ અને આરોગ્ય વિભાગની ટીમોએ સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી ૧૮ ઈજાગ્રસ્તોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.કુલ્લુના ડેપ્યુટી કમિશનર અનુરાગ ચંદ્રાએ આ અકસ્માતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે,




દુર્ઘટનામાં ૪ લોકોના મોત થયા છે, જેમાં ૨ પુરુષ અને ૨ મહિલાઓનો સમાવેશ થાય છે. બચાવી લેવામાં આવેલા તમામ ૧૮ મુસાફરોને તાત્કાલિક બંજરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તબીબોની ટીમ દ્વારા તેમની દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલમાં તમામ ઈજાગ્રસ્તો ખતરાથી બહાર હોવાનું જાણવા મળ્યું છે.આ અકસ્માતે ફરી એકવાર પહાડી વિસ્તારોમાં મુસાફરી કરતા પ્રવાસીઓની સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક રહેવાસીઓ અને વહીવટી તંત્રની તત્પરતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી. વહીવટી તંત્ર દ્વારા હાલ મૃતકોના પરિવારજનોનો સંપર્ક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને અકસ્માતના ચોક્કસ કારણો જાણવા તપાસ શરૂ કરી છે.

## તંત્રી લેખ....

# ક્રુડ ૧૦૦ ડોલરથી ઉપર રહેશે તો ફુગાવો ૬ ટકા પહોંચવાની ધારણા

મુંબઈ : ક્રુડ તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની ઉપર ચાલુ રહેશે તો દેશમાં ફુગાવો ૬ ટકા સુધી પહોંચી શકે છે જેને પરિણામે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) પર રેપો રેટમાં વધારો કરવાનું દબાણ આવી શકે છે.દેશમાં ફુગાવો બે ટકા ઉપર નીચે સાથે ૪ ટકા જાળવવાનો રિઝર્વ બેન્કને ટાર્ગેટ અપાયો છે. છ ટકાની સ્થિતિમાં ફુગાવો રિઝર્વ બેન્કની મહત્તમ મર્યાદા સુધી જોવા મળશે, એમ એચએસબીસીના એક રિપોર્ટમાં જણાવાયું છે.ક્રુડ તેલના સરેરાશ ભાવ ૧૦૦ ડોલરની નીચે રહેશે તો ફુગાવો પણ ૬ ટકાની અંદર જોવા મળશે. પરંતુ ૧૦૦ ડોલરથી ઉપરની સ્થિતિમાં ફુગાવો ૬ ટકાથી આગળ જઈ શકે છે જેને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક પર વ્યાજ દરમાં વધારો કરવાનું દબાણ આવી શકે છે.ભારત હાલમાં ખાંડાની ધારે છે. માર્ચમાં બ્રેન્ટ ક્રુડ સરેરાશ ૧૦૦ ડોલર રહ્યું હતું.

સોમવારથી શરૂ થનારી નવા નાણાં વર્ષની પ્રથમ બેઠકમાં રિઝર્વ બેન્કની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) નવા નાણાં વર્ષમાં ફુગાવાની સ્થિતિ તથા રેપો રેટ બાબતે સંકેત આપશે તેવી ધારણાં રાખવામાં આવી રહી છે. યુદ્ધને કારણે હાલમાં આર્થિક પ્રવૃત્તિઓ પર અસર પડી છે ત્યારે રેપો રેટમાં વધારો કરવાનું જોખમ રિઝર્વ બેન્ક નહી લે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી વચ્ચે મહેસાણામાં ૧૮ પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી




મહેસાણા જિલ્લામાં ફરજ બજાવતા ૧૮ પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલીનો હુકમ પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં લીવ રિઝર્વ પર મુકાયેલા ૧૩ પીઆઈને જુદા જુદા પોલીસ સ્ટેશન તેમજ શાખાઓમાં નિમણૂક આપવામાં આવી છે. જ્યારે લાંઘણજ, વડનગર, સાયબર ક્રાઈમ, કડી અને વિજાપુર પોલીસ મથકના પીઆઈની અન્ય જગ્યાએ બદલી કરાઈ છે.

બદલી પામેલા પોલીસ ઈન્સ્પેક્ટરોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે. હાલમાં કડી અને વિજાપુર પોલીસ મથકોએ ફરજ બજાવતા બે પોલીસ ઈન્સ્પેક્ટરને લીવ રિઝર્વ પર મુકાયા છે. જેમાંથી પીઆઈ જી.આર.રબારીને અન્ય હુકમ ન થાય ત્યાં સુધી એસઓજી શાખા, મહેસાણાનો વધારાનો ચાર્જ સંભાળવાનો આદેશ કરાયો છે.

# રૂ પરની આયાત ડયૂટી નાબુદ કરવા ગારમેન્ટ ઉદ્યોગ દ્વારા કરાયેલી રજૂઆત

મુંબઈ : ઘરઆંગણે રૂના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી ગારમેન્ટ તથા ટેકસટાઈલ નિકાસકારોએ રૂ પરની ૧૧ ટકા આયાત ડયૂટી દૂર કરવા સરકારને અનુરોધ કર્યો છે. ઘરઆંગણે રૂના ભાવ ઊંચકાતા ગારમેન્ટ તથા ટેકસટાઈલ ઉદ્યોગમાં માર્જિન પર અસર પડી છે એટલુ જ નહીં નિકાસ બજારમાં સ્પર્ધાત્મકતા ઘટી ગઈ છે. ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે સિન્થેટિક ફાઈબર્સના ભાવ વધી ગયા છે જેને કારણે મિલોએ કુદરતી કાચા માલ તરફ વળવું પડયું છે પરિણામે રૂના ભાવમાં છેલ્લા એક મહિનામાં ૮ ટકા જેટલો વધારો થયો છે.કોટન એસોસિએશન ઓફ ઈન્ડિયાના સુત્રોના જણાવ્યા પ્રમાણે જિનિંગ



કરેલા રૂના ભાવમાં એક મહિનામાં ૧૦થી ૧૨ ટકા વધારો થયો છે. ભારત ઉપરાંત રૂના વૈશ્વિક ભાવમાં પણ યુદ્ધને કારણે ૧૫ ટકા જેટલો વધારો થયો છે. ગારમેન્ટની નિકાસ માટે ભારતના ઉત્પાદકોએ લોન્ગ આયાતી સ્ટેપલ તથા રૂ પર આધાર રાખવો પડે છે.

ટેકસટાઈલની ૭૦ ટકા મૂલ્ય સાંકળ રૂ પર આધાર રાખતી હોવાથી રૂની આયાત પર કસ્ટમ ડયૂટી પાંચથી છ મહિના સુધી રદ કરવા સરકાર સમક્ષ રજૂઆત કરાઈ હોવાનું કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીઝના સુત્રોએ જણાવ્યું હતું.

# AAPમાં ભડકો! રાઘવ ચઢ્ઢાનો ખુલ્લો પડકાર- 'પિક્ચર હજી બાકી છે', શું ટૂંક સમયમાં છોડશે સાથ?



આમ આદમી પાર્ટી માં ચાલી રહેલો આંતરિક કલહ હવે જાહેરમાં આવ્યો છે. રાજ્યસભામાં ડેપ્યુટી લીડરના પદ પરથી હટાવ્યા બાદ અને મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા 'કોમ્પ્રોમાઈઝ્ડ' (સમજૂતીવાદી) ગણાવ્યા બાદ, રાઘવ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પર એક આક્રમક વીડિયો જાહેર કરીને વળતો પ્રહાર કર્યો છે. તેમણે કેપ્શનમાં લખ્યું છે કે, ×આ તો માત્ર ટ્રેલર છે... પિક્ચર હજુ બાકી છે.×વીડિયોમાં રાઘવ ચઢ્ઢાએ ભાવુક અને મક્કમ અંદાજમાં કહ્યું કે, પંજાબ તેમના માટે માત્ર કોઈ રાજકીય મુદ્દો નથી, પરંતુ તેમનું ઘર, તેમનું કર્તવ્ય અને તેમની 'રુહ' છે. તેમણે પંજાબના પ્રશ્નો સંસદમાં ન ઉઠાવવાના આરોપોને ફગાવી દેતા, અત્યાર સુધી રાજ્યસભામાં પંજાબના હિતમાં આપેલા ભાષણોની ક્લિપ્સ શેર કરી છે.નોંધનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી છછઁના નેતાઓ અને ખુદ સીએમ ભગવંત માન રાઘવ ચઢ્ઢા પર નિશાન સાધી રહ્યા હતા. હરિયાણા છછઁના પૂર્વ અધ્યક્ષ નવીન જયહિંદે તો ત્યાં સુધી દાવો કર્યો હતો કે રાઘવ ચઢ્ઢાને 'શીશમહેલ'માં મુરઘો બનાવીને મારવામાં આવ્યા હતા. આ તમામ વિવાદો અને પાર્ટીની અંદર વધતી જતી ખાઈ વચ્ચે રાઘવ ચઢ્ઢાનો આ 'ટ્રેલર' વાળો વીડિયો આગામી સમયમાં પંજાબના રાજકારણમાં મોટો ધડાકો થવાના સંકેત આપી રહ્યો છે.

# અદાવાદના યુવકને ડેટિંગ એપ પર યુવતી સાથે મિત્રતા કરવી પડી ભારે, ૫૬ લાખથી વધુ ગુમાવ્યા

અમદાવાદમાં ઓનલાઈન ડેટિંગ એપ દ્વારા છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મણિનગરમાં રહેતા અને એક ફાર્મા કંપનીમાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતા ૪૦ વર્ષીય યુવકે ડેટિંગ એપ પર થયેલી મિત્રતાની કિંમત લાખો રૂપિયા ગુમાવીને ચૂકવવી પડી છે. કરન્સી ટ્રેડિંગમાં મોટા નફાની લાલચમાં આવીને આ યુવાને કુલ ૫૬.૩૫ લાખ રૂપિયા ગુમાવ્યા છે. આ અંગે ભોગ બનનાર યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, આ છેતરપિંડીની શરૂઆત ટિન્ડર નામની ડેટિંગ એપ્લિકેશનથી થઈ હતી, જેનો ઉપયોગ યુવક છેલ્લા પાંચેક વર્ષથી કરતો હતો. આ પ્લેટફોર્મ પર તેનો કોન્ટેક્ટ આરોહી ગુપ્તા નામની યુવતી સાથે થયો હતો. શરૂઆતની સામાન્ય વાતચીત બાદ આ યુવતીએ યુવકને કરન્સી ટ્રેડિંગમાં રોકાણ કરીને મોટો નફો કમાવવાની સ્કીમ સમજાવી હતી. યુવતીની મીઠી વાતોમાં ભોળવાઈ જઈને યુવકે એક અજાણી એપ્લિકેશન પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી હતી અને પોતાના અંગત દસ્તાવેજો આપીને તેમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું.

# ગુજરાતમાં ફરી માવઠાનું સંકટઃ ૭ એપ્રિલે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી

ગુજરાતમાં સતત બદલાતા હવામાન વચ્ચે ખેડૂતો અને નાગરિકો માટે ચિંતાના સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે આગામી સાતમી




એપ્રિલના રોજ રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ પડી શકે છે. આ સાથે જ દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિમાં પણ વધારો થવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સાતમી એપ્રિલના રોજ દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, મોરબી અને કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ, દાહોદ, પંચમહાલ, અરવલ્લી અને મહીસાગરમાં વરસાદી માહોલ જોવા મળી શકે છેઃવરસાદી સિસ્ટમની અસરને કારણે દરિયામાં પવનની સ્પીડ વધવાની સંભાવના છે. સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા છઠ્ઠી અને સાતમી એપ્રિલ દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. બંદર વિસ્તારોમાં પણ સાવધ રહેવા સૂચના અપાઈ છે.

હાલમાં અમદાવાદ અને ગાંધીનગર સહિતના શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ સામાન્ય નોંધાઈ રહ્યું છે. વરસાદી માહોલને કારણે આગામી બે દિવસ ગરમીમાં બહુ મોટો વધારો નહીં થાય, પરંતુ જેવી આ વરસાદી સિસ્ટમ પસાર થશે કે તરત જ એટલે કે ૮ એપ્રિલથી ગરમીનો પારો ફરીથી ઉંચકાય તેવી શક્યતા છે. એપ્રિલના બીજા સપ્તાહથી લોકોને આકરી ગરમીનો સામનો કરવો પડી શકે છે.વારંવાર બદલાતા હવામાન અને કમોસમી વરસાદની આગાહીને પગલે ખેતીના પાકને નુકસાન થવાની ભીતિથી ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. તૈયાર થયેલા પાકને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે પણ તંત્ર દ્વારા સલાહ આપવામાં આવી છે.

# સાબરકાંઠામાં ૩૦૧ બેઠકો સામે ભાજપના ૧૦૮૦ દાવેદારોઃ હિંમતનગર નગરપાલિકામાં ૪૦ બેઠકો પર ૧૮૨ ટિકિટ વાંચ્છુ




સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ ગરમાયો છે. ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે કવાયત તેજ કરવામાં આવી છે. જિલ્લા પંચાયત, ૮ તાલુકા પંચાયત અને ૩ નગરપાલિકાની કુલ ૩૦૧ બેઠકો માટે ભાજપના ૧,૦૮૦ દાવેદારોએ ટિકિટની માંગ કરી છે. હાલ આ તમામ દાવેદારોની પેનલ તૈયાર કરી ગાંધીનગર પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ મોકલવામાં આવી છે.

હિંમતનગરમાં બે નિરીક્ષકોની ટીમ દ્વારા બે દિવસ સુધી સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં સંભવિત ઉમેદવારોની પેનલ તૈયાર કરવામાં આવી છે. હવે ગાંધીનગર ખાતે પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા આખરી ઉમેદવારોના નામ પર મહોર મારવામાં આવશે.

જિલ્લા પંચાયતઃ ૩૪ બેઠકો માટે ૧૮૧ દાવેદારો.

તાલુકા પંચાયતઃ ૮ તાલુકા પંચાયત (પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા, તલોદ, પોશીના, ઇડર, હિંમતનગર અને વિજયનગર)ની કુલ ૧૭૦ બેઠકો માટે ૫૬૭ દાવેદારો.

હિંમતનગર નગરપાલિકાના ૧૧ વોર્ડની ચૂંટણી યોજાવાની છે. જેમાં વોર્ડ નંબર ૩ ને બાદ કરતા બાકીના ૧૦ વોર્ડની ૪૦ બેઠકો પર ૧૮૨ દાવેદારો વચ્ચે સ્પર્ધા છે. સૌથી વધુ ૨૮-૨૮ દાવેદારો વોર્ડ નંબર ૧ અને ૧૦ માં નોંધાયા છે.ચૂંટણી જાહેર થતાની સાથે જ ભાજપમાં ટિકિટ મેળવવા માટે કાર્યકરો અને સ્થાનિક નેતાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે હવે સૌની નજર ગાંધીનગર પાર્લામેન્ટરી બોર્ડના નિર્ણય પર ટકેલી છે.

# મહિલા તાલીમ વર્ગમાં કરાઇ વિવિધ પ્રવૃત્તિઓઃસ્કાઉટ ગાઈડના મહિલા તાલીમ વર્ગમાં ગેજેટ બનાવવાની તાલીમ



ઇડરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, સાબરકાંઠા ગાઈડ વિભાગનો બેઝિક કોર્સ તાલીમમાં વિવિધ શાળાઓની કુલ ૧૭ શિક્ષિકાઓએ ક ભાગ લીધો હતો.કોર્સ દરમિયાન ભાગ લેનાર શિક્ષિકાઓને સ્કાઉટીગનો ઈતિહાસ, સિદ્ધાંતો, શિસ્ત, ટીમ વર્ક, નેતૃત્વ, આપત્તિ વ્યવસ્થાપન, સામાજિક સેવા તેમજ હાઈકિંગ, ગાંઠો અને જુદા જુદા ગેજેટ બનાવવાની પ્રાયોગિક તાલીમ અપાઇ હતી.આ તાલીમ માટે એલઓસી નીરૂબેન જાદવ (જીઝ્ર), સહાયક રેખાબેન જાદવ અને સોનલબેન ડામોર (ઉઁઉમ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી સંદીપભાઈ પટેલ, મુખ્ય કમિશ્નર અતુલભાઈ દીક્ષિત હાજર હતા.

# કાલાવડ તાલુકાના અરલા ગામમાં પૈસાની ઉઘરાણીના મુદ્દે બે જૂથ વચ્ચે તકરારઃ બંને પક્ષે સામ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના અરલા ગામમાં પૈસાની ઉઘરાણી ના મામલે બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી, અને બંને પક્ષે સામ સામે હુમલા કરાયા હતા. જે મામલે બંને પક્ષે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ છે.પ્રથમ કેસ મુજબ ફરિયાદી ઇમ્તિયાઝભાઈ નુરમામદભાઈ આદમાણી (ઉ.વ. ૪૨), રહે. અરલા ગામ દ્વારા નોંધાવવામાં આવ્યું છે કે તેમના મિત્ર ઈલિયાસ શેખને આપેલા વ્યાજના નાણાંની ઉઘરાણી મુદ્દે આરોપી ધર્મરાજસિંહ ઉર્ફે ધમભા જાડેજા તથા બે અજાણ્યા ઇસમોએ હુમલો કર્યો હતો. ફરિયાદ અનુસાર, આરોપીઓ ધારીયા, કુહાડી અને લોખંડના પાઇપ જેવા હથિયારો સાથે આવી હુમલો કરતા ફરિયાદીને માથામાં ચાર ટાંકા લેવા પડ્યા હતા, જ્યારે તેમના દીકરા આસીફભાઈને પણ માથામાં પાંચ ટાંકા આવ્યા હતા.

# ઉનાળાની શરૂઆત સાથે જ સુરતની તાપી નદીમાં જળકુંભીની સમસ્યા શરુ

સુરત શહેરની પ્રજાને પાણી પુરો પાડવાનો એક જ સ્ત્રોત તાપી નદીમાં ઉનાળાની શરૂઆત સાથે જ ફરી જળકુંભીની સમસ્યા એ માથું ઉચક્યું છે. તાપી નદીમાં સફાઇ માટે ડીવીડર મશીન રાખ્યા છે પરંતુ યોગ્ય કામગીરી થતી ન હોવાથી વિયરના જળાશયમાં જળકુંભી નું



સામ્રાજ્ય વધી રહ્યું છે. અનેક ફરિયાદ છતાં પણ જળકુંભી ની સફાઈ યોગ્ય રીતે થતી ન હોવાથી આગામી દિવસોમાં પાણીની ગુણવત્તા પર અસર પડી શકે છે. પાલિકા તંત્ર હજી પણ ન જાગે તો જળકુંભીસાથેહાલલીલનુંપ્રમાણવધી રહ્યું છે તેથી વોટર વર્ક્સ ની કામગીરી પર પણ અસર પડી શકે છે.

# વાવ-થરાદમાં તાલિબાની સજાઃ પ્રેમી યુવકને નગ્ન કરી પ્રાઈવેટ પાર્ટમાં સોય ભોંકી, ૨૪ શખસો સામે ફરિયાદ

વાવ-થરાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે. મૈત્રી કરાર કરી સાથે રહેતા પ્રેમી પંખીડાઓને યુવતીના પરિજનોએ શોધી કાઢી, યુવકને ઢોર માર્યો હતો. જેમાં યુવકની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો છે.પોલીસ ફરિયાદ અનુસાર, ભોગ બનનાર યુવક અને યુવતી મૈત્રી કરાર કરી અમદાવાદમાં સાથે રહેતા હતા. બીજી એપ્રિલ ૨૦૨૬ની રાત્રે યુવતીના પરિવારના સભ્યોએ કાવતરું રચી અમદાવાદમાં તેમના રૂમનો દરવાજો ખોલાવ્યો હતો. આરોપીઓએ યુવક પાસે રહેલા રોકડ, દસ્તાવેજો અને દાગીના લૂંટી લીધા બાદ બંનેનું કારમાં અપહરણ કર્યું હતું.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO 224
વિષય :-દૃષ્ટિ
શીર્ષક :-પર્યાવરણ જ પરમેશ્વર
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૧૧૩

દોડે છે સૌ દુનિયાદારીમાં, અંધ બનીને આજ;
કામ ને બોજા હેઠળ દબાયો છે આખો સમાજ.

સવારથી સાંજ લગી મશીન, વેઠમાં સૌ વ્યસ્ત;
કુદરતની આ માઠી દશા, ના કોઈ અસ્તવ્યસ્ત.

લીલાંછમ વૃક્ષો કાપ્યા, ચણ્યા આ રાજમહેલ;
પક્ષીઓના કલરવ લૂંટ્યાં, ધનની રેલમછેલ.

નદી જે માતા ગણાતી, આજે બની ગંદું નાળું;
પ્રદૂષણના ધુમાડે ને ગોટે, આકાશ થયું કાળું.

વાયુમાં ઝેર, પાણીમાં રાખ, નષ્ટ આખું જંગલ;
જાણે કે પ્રકૃતિ સાથે વેર, ક્યાંથી થશે મંગલ?

સ્વાર્થ, લાલચ, લોભ, તરકટે આંધળો આ લોક;
પર્યાવરણને ચગદોળી નાખ્યું, કોણ કરે શોક?

ધર્મના નામે સૌએ ભીડ જમાવી, ભરાઈ સૃષ્ટિ;
ઈશ્વરના સર્જન સામે, કેમ ના કરે કોઈ દૃષ્ટિ?

કેળવો વાવેતર દૃષ્ટિ, તો જ થશે અમૃત વૃષ્ટિ;
પર્યાવરણ જ પરમેશ્વર, આ છે 'પ્રીતાર્ષ' સૃષ્ટિ.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'.અમદાવાદ

★★★★★★

NOG SS NO 184
વિષય :-દૃષ્ટિ
શીર્ષક :-પ્રભુ દૃષ્ટિ
પ્રકાર :-પદ્ય - શબ્દ :-૧૧૮

દોડાદોડીમાં દિવસ વીતી જાય, નામ કમાવા સૌ દોડે;
એકલા અટૂલા અબોલ પ્રાણી, કોણ તેની પીડા જોડે?

મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ : ભકિત કેટલી થાય;
ભૂખ્યા તરસ્યા અબોલ જીવો, વ્હારે એની કોણ જાય?

રસ્તા ઉપર ઘાયલ પંખી, તડપતું અંતિમ શ્વાસ ગણે;
કેટલા લોકો પસાર થાય, લાગણી કેમ ના ઝણઝણે?

બધા ધર્મની વાતો મોટી, ભજન મોટા, ભક્તોના તોટા;
પ્રભુનો વાસ છે અબોલ જીવોમાં, ના સમજે એ સૌ ખોટા.

સાચી ભક્તિ ત્યારે શરૂ, જ્યારે કરુણા હૈયે ભરાય;
અબોલ જીવમાં છે ભગવાન, એ સમજણ હૈયે કોતરાય.

હવે તો બદલો દૃષ્ટિકોણ, અબોલ સેવામાં ચિત્ત પરોવો;
સવાર સાંજ એક કલાક અબોલ જીવસેવા માટે ફાળવો.

આ છે સાચો માર્ગ જીવનનો, આ જ છે ધર્મનો પરામર્શ;
દયા, કરુણા ને સેવાઃ આ દૃષ્ટિ જ આપે પ્રભુને પણ 'હર્ષ'.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'
નારદીપુર-અમદાવાદ

★★★★★★

NOG SS NO: 001
પ્રકાર : ગદ્ય
શીર્ષક : દ્રષ્ટિ
શબ્દો : ૨૯૭

કહેવત છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ.મનુષ્ય પોતાની આંખોથી જે કઈ જોતો હોય અને તેના આચાર,વિચારો અને મગજ માં શું ચાલતું હોય તેવો ભાવ તેની દ્રષ્ટિ માં હોય..કોઈપણ એક વસ્તુ ને જોવાથી પ્રત્યેક મનુષ્ય ના ભાવ તે વસ્તુ માટે પોતપોતાની દ્રષ્ટિએ સકારાત્મક અને નકારાત્મક જોવા મળશે.જે પરિસ્થિતિ માં તમે હોવ અને તમે કંઈપણ જુવો તે તમારી બદલાતી જીવનશૈલી અને બદલાતી પરિસ્થિતિ ઉપર નિર્ભર છે.જેમકે તમે પોતાની ગાડી લઈને તમારી પત્ની સાથે શાક માર્કેટ માં જઈને ગાડી પાર્ક કરતા હોવ અને કોઈ તમારી સમકક્ષ સાયકલ ઉપર જનાર ને જુવો કે જેમને તમે ઓળખો છો ત્યારે તમારા મનમાં અનેક વિચારો આવે કે આના ઘરમાં ગાડીઓ છે.સ્કૂટરો છે અને છતાં આ સાયકલ ઉપર થેલી લઈને શાક માર્કેટ માં આવ્યો?આવા તો અનેક કિસ્સાઓ કોઈને મદદ કરતા જુવો ત્યારે એવો પણ ભાવ આવે કે સો ચૂહે માર્કે બિલ્લી હજ કો ચલી..આમ બદલાતા માનસિક વાતાવરણ માં મનુષ્ય ક્યારેક દ્રષ્ટિ ફેર ન લીધે ના કરવાનું કરી બેસે અને પછી મગજ શાંત પડતા રાંડ્યા પછી નું ડહાપણ પણ કરતો ક્યારેક જોવા મળે.ક્યારેક આપણે કોઈને ઘણી બધી જીવનશૈલી બાબતે સલાહ આપતા હોઈએ અને તે આપણ ને સલાહ આપે ત્યારે પોતાની જ દ્રષ્ટિ માં ક્યારે કેવો ફેર આવે છે તેની સાચી પરખ થાય,હાલની મુસ્લિમ દેશો ની આંતરિક લડાઈ ના સમાચારો જોતા આપણ ને એમ થાય કે આ લોકો શાને માટે અંદરોઅંદર લડતા હશે,પરસ્પર દ્રષ્ટિ માં કેટલું ઝનૂન હશે.અબજો રૂપિયાના દારૂગોળા એક માત્ર લડાઈ માં સાફ થતા હશે..આ આપણી દ્રષ્ટિ થી વિચાર આવે,પણ તેમની દ્રષ્ટિ માં પરિસ્થિતિ ને આધિન કેવી ભિન્નતા હશે તે તો માત્ર સમાચારો જોઈ ને અનુમાનો લગાવવાના રહે...આમ દ્રષ્ટિ એવી સૃષ્ટિ ની કહેવત આમ જ પડી હશે તેવું મારું માનવું છે..સાહિત્ય સર્જકો પણ પોતાની કૃતિઓનું સર્જન પોતપોતાની દ્રષ્ટિ થી કરતા હોય જે આપણે એકજ વિષય ઉપર વિભિન્ન પ્રકાર ની રચનાઓ માં જોઈ,અનુભવી રહ્યા છીએ..

સંચાલક : પ્રદીપ રાવલ

★★★★★★

NOG SS NO 370
વિષય :- દ્રષ્ટિ
શીર્ષક :-દ્રષ્ટિ પ્રીતભરી
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૮૧

દ્રષ્ટિ પ્રીતભરી પ્રિયજનની એ નજરે બોલે છે,
મૌનના પાનાં પર અદ્રશ્ય અક્ષરે કંઈક લખે છે.

આંખોથી બોલાતી એ ભાષા હોય કેટલી સરસ,
નાનકડા વહેણ જેમ હૃદયના દરિયા સુધી વહેછે.

એક ઝલકમાં જ બંધાઈ જાય છે એકમેક ના મન,
રોજ નવા નવા સપનાઓની વાટ પર દિલ ચલે છે.

સ્મિતમાં છુપાયેલી લાગણીઓ ભરપૂર ને રંગીન,
દૂરથી વહેતા ઠંડા પવન જેવી દિલના દ્વારે ઠરે છે.

દ્રષ્ટિ પ્રીતભરી જયારે મળે છે પ્રથમ મુલાકાત માં જ,
લાગે છે શુષ્ક એવું જીવન પણ કવિતા બની રહે છે.

ચંદન સોલંકી 'મહેક '
અમદાવાદ

# ઝિમ્બાબ્વેએ ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે સો ટ્રિલિયન ડોલરની નોટ બહાર પાડી!

'ગિરધરલાલ, આપણા લોકો કેમ આવા છે?' રાજુ રદીએ મારા ઘરના સોફાનાં સવાસો કિલોની કાયા પટકતા સવાલ પટક્યો.રાજુ રદી સોફામાં પટકાયો અને રીતસર આંચકો આવ્યો. મને તાઈપેઈમા આવેલ ૭.૭ રિચરસ્કેલના ધરતીકંપની યાદ આવી ગઈ. માનો કે નાની યાદ આવી ગઈ!

' રાજુ, હું તારો સવાલ સમજ્યો નહીં.' મે રાજુને કહ્યું. રાજુનો સવાલ શિંગડે પકડો તો બાંડો અને પૂંછડે પકડો તો ખાંડો જેવો ગૂંચવણ ભરેલ હતો.

' આપણા લોકો આવું કેમ કરતા હશે?' રાજુએ પાછો સવાલ કર્યો.

' રાજુ, મોડર્ન કાવ્યોની જેમ તારો સવાલ એબ્સર્ડ છે. મોં-માથા વગરનો છે. તું કંઈક સમજાય એવો સવાલ કર તો જવાબ આપી શકાય.' મેં રાજુને તતડાવ્યો.

' ગિરધરલાલ, આપણે સરકાર તરફ કેટલા અસહિષ્ણુ અને બિનસંવેદનશીલ હોઈએ છીએ. પેટ્રોલના ભાવ વધે. ડિઝલના ભાવ વધે એટલે આભ તૂટી પડ્યું હોય તેમ કાળો કકળાટ કરીએ છીએ. અલબત, ધોળો કે ગુલાબી કકળાટ હશે કે કેમ તે કલ્પના અને કુતૂહલનો મુદો છે!
' ઓલ રાઈટ, કેરી ઓન રાજુ.' અમે રાજુને વાત આગળ વધારવા ઈજન આપ્યું .
' ગિરધરલાલ,ટમેટા, ડુંગળી, દૂધ, પનીર, ચીઝ,લસણ, સરસવનું તેલ, ઘઉં, મરી મસાલાના ભાવો વધે તો કયું રાજ રંડાઈ જાય છે?જેના ભાવ વધે તે વસ્તુનો બોયકોટ કરી વપરાશ બંધ કરી દો એવું તો પરધાન પર નભતા પ્રધાનો ગળું ફાડીને કહે છે! ભાવ વધે ત્યારે સરકારના પક્ષે પણ જનતા પાસે અપેક્ષા હોય છે! કોઈ ગધેડા પર ઓલરેડી ભાર લાદ્યો હોય એટલે વધુ ભાર ન લાદી શકાય એવું ગધેડા અને માલિક વચ્ચે એમઓયુ થયેલ છે? ઓવરલોડ ટ્રંક હોય તો ઓવરલોડ ગધેડા કેમ ન હોય? જનતાને ગધેડા તરીકે કલ્પીને સરકાર ચીજોમાં ભાવવધારો કરે તો જનતા ભારતનું નાગરિકત્વ છોડીને યુક્રેનનો નાગરિક બનવાનો છે? જનતાએ ભાવવધારાના સત્કાર સમારંભનું આયોજન કરી ગમે તેટલા ભાવવધારો માટે જનતાની ઝૂકેલી કેડ તૈયાર છે તેવો સરકારને સધિયારો આપવો જોઈએ.

' રાજુ, એમ તો આપણા દેશમાં જે માલસામાનના ભાવ વધ્યા હોય તે વસ્તુ પાડોશી દેશોમાં આપણા ભાવ કરતા વધારે ભાવે મળે છે એવું આશ્વાસન પણ લઈ શકાય. મારી થાળીમાં એક બે વસ્તુ છે પણ પાકિસ્તાનના લોકોની થાળી બાગબાન ફિલ્મના અમિતાભની થાળી જેમ ખાલી છે. છતાં, અમિતાભ ખાલી ભાણે લિજ્જતથી વાનગી આરોગવાની એકટિંગ કરે છે તેમ કરી શકાય. ગ્લાસમાં પાણી ભરી કેસર કેકીનો રસ પીએ છીએ તેમ માનવાના શું વાંધો છે? મન ચંગા તો કથરોટમાં ગંગાજળ પ્રગટ થતા હોય તો ગ્લાસમાં પાણીમાં કોલ્ડ ડ્રીંક કેમ પ્રગટ ન થાય?' મે રાજુને સોલિડ તર્ક પકડાવ્યો.

' ગિરધરલાલ, આપણે ડોલરના મુકાબલે રૂપિયો ઘસાતો જાય છે એમ કહીએ છીએ. વાસ્તવમાં એ આપણી અપરિપકવતા અને આર્થિક બાબતોને મૂલવવાની આધ્યાત્મિક શક્તિનો અભાવ સૂચવે છે. ભલું થજો નિર્મલા સીતારામનનું! નિર્મલા તાઈએ આપણી આંખ ઉઘાડી કે રૂપિયો ઘસાયો નથી કે નબળો થયો નથી. વાસ્તવમાં રૂપિયાની સરખામણીએ ડોલર મજબૂત થયો છે એમ કહેવું સમુચિત છે!' રાજુએ અમને પાયાની સમજણ આપી.

' રાજુ, આઝાદી સમયે એક રૂપિયાનો એક ડોલર મળતો હતો. ડોલર હોર્લિકસ કે બોર્નવિટા પીતો હોવાથી રૂપિયા કરતા સ્ટ્રોંગ થયો તેમાં રૂપિયાનો શો વાંક કાઢવાનો ?' મેં રાજુને સબળનિર્બળનો ડિફરન્સ સમજાવ્યો.

' ગિરધરલાલ, આઝાદી પછી એક ડોલર બરાબર પંચાણુ રૂપિયા થાય તેનો હોબાળો કરવાનો હોય? આપણે નિકાસ કરીએ તો નિકાસ કરેલ માલના વધારે કાવડિયા મળે તેનો આનંદ કરવાનો હોય કે નહીં?' રાજુએ સેલિબ્રેશન આઈડિયા શેર કર્યો. આપણે તો દેવું કરીને ઘી પીનારી પ્રજા છીએ!

' રાજુ, પાકિસ્તાનમાં એક ડોલરના કેટલા પાકિસ્તાની રૂપિયા છે એની તને ખબર છે?' અમે આંતરરાષ્ટ્રીય પ્રશ્ન પૂછયો.

'ગિરધરલાલ, એક ડોલર બરાબર ત્રણસો પાકિસ્તાની રૂપિયા છે!' રાજુએ ડોલરનો એકસચેન્જ રેટ કહ્યો.

' રાજુ,લેબેનોન નામનો એક મુસ્લિમ દેશ પશ્ચિમી એશિયા ખંડમાં છે. લેબેનોનની આર્થિક હાલત પતલી ગલી જેવી થઈ છે. અસહ્ય ફુગાવો છે. લોકો જીવન જરૂરિયાતની વસ્તુ પણ ખરીદ કરી શકતી નથી. લેબેનોન દેશનું ચલણ લેબેનીઝ પાઈન્ડ છે. એક અમેરિકન ડોલર માટે એક લાખ લેબેનીઝ પાઈન્ડ ચૂકવવા પડે છે. લોકો કોથળો ભરીને લેબેનીઝ પાઈન્ડ લઈને જાય તો એકાદ બ્રેડનું પેકેટ ખરીદી શકે છે!' અને લેબલોનની લાચારી જણાવી.

' ગિરધરલાલ, ઈરાનની હાલત પાણીથી પાતળી છે. ઈરાનમાં એક બાજુ પર્સિયન નવા વરસની ઉજવણી ચાલે છે. લોકો પાસે કપડાંલતા, મિઠાઈ , ફટાકડા ખરીદ કરવા રિયાલ નથી !ઈરાનનું ચલણ ઈરાનિયન રિયાલ ગબડવા માટે ઢાળ શોધ્યા સિવાય ગબડી રહ્યું છે. એક અમેરિકન ડોલર બરાબર એક, સો, હજાર, દસ હજાર નહી્ પણ પૂરા છ લાખ તેર હજાર પાંચસો ઈરાનિયન રિયાલ ઢીલા કરવા પડે છે!' રાજુએ રિયાલની અવદશા બ્યાન કરી.
' રાજુ , ઝિમ્બાબ્વે નામનો દેશ છે. એના ચલણનું ભારે અવમૂલ્યન થયેલ છે! ઝિમ્બાબ્વેની સેન્ટ્રલ બેંકે ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે સો ટ્રિલિયન ડોલરની નોટ બહાર પાડી હતી. દુનિયાના કોઈ દેશે બહાર પડેલી સૌથી મોટી રકમની નોટ હતી.જો કે,૨૦૧૫ માંઆ નોટ બંધ કરવામાં આવી હતી અને યુએસ ડોલરનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. અત્યારે એક અમેરિકન ડોલરના બદલામાં બાર કરોડ ઝિમ્બાબ્વે ડોલરની નોટો આપવી પડે છે!' મે રાજુ રદીને ઝિમ્બાબ્વેના ચલણની પતનગાથા કહી!
હવે બોલો, આપણે કયા એંગલથી દરિદ્રનારાયણ કે દુખી છીએ? આપણને ભગવાને દાંત પણ આપ્યા છે અને મન્ચિંગ પણ આપ્યું છે. એક ડોલરના ત્ર્યાંશી નહીં. પરંતું, ત્રણસો ત્ર્યાંશી રૂપિયા થાય તો પણ ચૂંકે-ચા કરવા જેવું નથી!
ભરત વૈષ્ણવ




એસ.ડી.ચૌધરી પોલીસ ઈન્સ્પેક્ટર ધાનેરા પોલીસ સ્ટેશનનાઓએસ્ટાફના માણસો સાથે નેનાવા ચેક પોસ્ટ મુકામે થી મોટર સાયકલહોન્ડા સાઈન રજી નં ઈન્ન-૪૬-જીદ્ધ-૪૯૨૦ માં સવ નરપતરામ સ/ઓજયકિશનવરધારામ જાતે.મેઘવાળ ઉ.વ.૨૫ ધંધો-અભ્યાસ રહે. હાડેતર તા.સાંચોરજી.જાલોર(રાજસ્થાન) (= પ્રતીકકુમાર સ/ઓ કેશારામ ગણેશારામ જાતે મેધવાળ ઉ.વ.૨૫ રહે.ગુડાહેમા મેઘવાલો કા વાસ તા-ચિતલવાણા જી.જાલા (રાજસ્થાન) વાળાઓના કબ્જામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો મેફેડોન ડ્રગ્સ કુલ વજન ૯૮.૬૩ કિ.ગ્રા જેની કિ.. ૨,૯૫,૮૯૦/-નો તથા કાર્યવાહી દરમ્યાનકુલકિ.રૂ.૩,૫૬,૧૫૦/-ના મુદામાલ સાથે બે ઈસમોને પકડી પાડી તેમના વિરુધ્ધમા આગળ— કાર્યવાહી કરવામાં આવેલછે.




હાલમાં ચાલી રહેલ ટાટા આઈ.પી.એલ. ટી – ૨૦ મેચ દરમ્યાન ગાંધીનગર જીલ્લામાં વિસ્તારમાં ક્રિકેટ મેચ સટ્ટો રમાડતા ઈસમોને પકડી પાડવા સારૂ ગાંધીનગર રેન્જના વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ સાહેબ તથા જી૯?લાપોલીસ વડા શ્રી રવિ તેજા વાસમસેટ્ટી સાહેબ, ગાંધીનગર નાઓએ અસરકારક રેઈડો કરી પરીણામ લક્ષી કામગીરી કરવા એલ.સી.બી. – ૧ ના પોલીસ ઈન?સ્પેકટર શ્રી ડી.બી.વાળા નાઓને ખાસ સૂચના કરેલ.જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.બી.વાળા નાઓએ એલ.સી.બી.ના માણસોની અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગ કરવા સૂચના આપેલ હતી જેના ભાગરૂપે આજરોજ એલ.સી.બી-૧ ના અ.હે.કો. સુનીલકુમાર મોહનભાઈ બ.નં – ૮૩૦ નાઓ ટીમના માણસો સાથે ગાંધીનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન અ.હે.કો. સુનીલકુમાર મોહનભાઈ તથા અ.પો.કો. જયદિપસિંહ વિક્રમસિંહ તથા આ.પો.કો. રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે ટીમના માણસો સાથે ગાંધીનગર શહેર, રીલાયન્સ સર્કલ થી ઈન્ફોસીટી સર્કલ તરફ જતા રોડ ઉપર આવેલ ટાટા કન્સલટન્સી સર્વીસ કંપનીની પાસેથી એક મારૂતી સુઝુકી ફ્રોન્ક્ષ ગાડી નંબર – ૨ન્ન-૦૨-ઈર- ૭૬૦૧ માં બેસી હાલમાં ચાલી

# ચોમૂમાં ગૌસેવાનું નવું અભિયાન શરૂ કરવામાં આવશે, દરેક વોર્ડમાંથી ચાર કાર રવાના થશે



શ્રી શ્યામ સલોના સેવા સમિતિના નેજા હેઠળ ઘાસચારો સંગ્રહ અભિયાન હેઠળ આજે એક નવી પહેલ શરૂ કરવામાં આવી હતી. આ અભિયાનના ભાગ રૂપે, શહેરના વિવિધ વોર્ડમાંથી ચાર વાહનો વ્યવસ્થિત રીતે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.આ અભિયાન વોર્ડ નંબર ૪૫ થી શરૂ કરવામાં આવ્યું હતું, જ્યાંથી ગાડી બિલંદપુર સ્થિત કૃષ્ણ ગૌશાળામાં મોકલવામાં આવી હતી. સમિતિના મનીષ ગોયલ અને દિનેશ અગ્રવાલે માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં સમિતિ દ્વારા વિવિધ ગૌશાળાઓમાં ૨૪ કાર પૂરી પાડવામાં આવી છે.સમિતિના અધિકારીઓએ જણાવ્યું હતું કે આગામી સમયમાં, આ અભિયાનનો વિસ્તાર કરીને, ચોમુના વિવિધ વોર્ડમાંથી કુલ ૫૧ કાર રવાના કરવામાં આવશે, જેથી જરૂરિયાતમંદ ઘરોમાં ઘાસચારાની યોગ્ય જોગવાઈ સુનિશ્ચિત કરી શકાય.આ કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન ભારતીય જનતા પાર્ટીના રાજ્ય પ્રવક્તા રામલાલ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડના અગ્રણી નાગરિકોમાં સીએમ ગંગવાલ, કાઉન્સિલર મતાદિન અગ્રવાલ, ભૂતપૂર્વ કાઉન્સિલર મનભારી દેવી બનકર, અનુરાગ શર્મા, પવન સૈની, મહેશ શેરાવત, હજારીલાલ શર્મા, રાજેશ ચોપડા અને અન્ય લોકો હાજર રહ્યા હતા.સમિતિના મનીષ ગોયલ અને દિનેશ અગ્રવાલે જણાવ્યું હતું કે આ અભિયાન સતત ચાલુ રહેશે જેથી ભવિષ્યમાં વધુને વધુ લોકો ગાય સેવામાં જોડાઈ શકે અને ગાયો માટે ચારાની મજબૂત વ્યવસ્થા સુનિશ્ચિત કરી શકે.

કાર્યક્રમમાં મુકેશ ખુટેટા, પ્રકાશ ખંડેલવાલ, વિકાસ શર્મા, અમિત કાસલીવાલ, સુરેન્દ્ર યાદવ, નિક્કી જૈન, બાલાશય બંગાળી, આશિષ બનકર, સુરેન્દ્ર સૈની, મનોજ બાગોરિયા, અમિત સૈની, લાલચંદ સૈની, વિજય ગંગવાલ, જગદીશ સૈની, કિશોર જમાલપુરિયા, બાબુલાલ ગંગવાલ સહિત મોટી સંખ્યામાં વોર્ડના રહેવાસીઓ હાજર રહ્યા હતા.

# કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આંગણે ડો. દિનેશ પરમાર લિખિત ત્રીજા પુસ્તક 'કેળવણીના સથવારે'નું પ્રાગટ્ય થયું



'કેળવણીના સથવારે' પુસ્તક વિમોચન કાર્યક્રમમાં સર્જકના પિતા દેવજીભાઈ પરમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના પ્રાચાર્યશ્રી ડૉ. સી.ટી. ટૂંડીયાસાહેબ, કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય ડૉ.અનિરુદ્ધસિંહ મકવાણા સાહેબ, ભક્તરાજ દાદા ખાચર વિનયન અને વાણિજ્ય કૉલેજના આચાર્ય ડૉ. હિંમત સેંજળીયા સાહેબ, શ્રીમતી વી.એમ. સાકરિયા મહિલા કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુંજપરા સાહેબ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બોટાદના પ્રાચાર્ય દિપક ચૌહાણ સાહેબ, પ્રખર વક્તા, કવિ, લેખક, કેળવણીકાર અને મિત્રવર્ય તુષાર વ્યાસ, નાટ્યકાર અને સારા વાચક હરેશ રાઠોડ અને સૂત્રધાર ભાવેશભાઈ પરમાર તેમજ  વિશાળ માત્રામાં વડીલો, મિત્રો અને શિક્ષણરસિકોએ ઉપસ્થિત રહી પુસ્તક વિમોચન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવેશ પરમારે અને આભારવિધિ ડૉ. કાંતિ બથવારે કરી હતી.

## ક્યારેક વિદેશી સ્ટીમરથી

# ધમધમતા વેરાવળ બંદરે હવે ફક્ત મત્સ્ય ઉદ્યોગ, ૨૦૦૩માં છેલ્લું જહાજ આવ્યું હતું

દર વર્ષે ૫ એપ્રિલના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય વહાણવટા દિવસ  ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ભારતના સમુદ્રી ઈતિહાસ માટે સુવર્ણ અક્ષરે લખાયેલો છે, કારણ કે ૫ એપ્રિલ, ૧૯૧૯ના રોજ ભારતનું પ્રથમ સ્ટીમર એસ.એસ. લોયલ્ટી મુંબઈથી લંડન જવા રવાના થયું હતું. આ ઐતિહાસિક ઘટનાની યાદમાં ૧૯૬૪થી આ દિવસ ઊજવાય છે. પરંતુ, આ ખાસ દિવસે સૌરાષ્ટ્રના ઐતિહાસિક વેરાવળ બંદરની વાત કરીએ તો અહીં એક ગમગીની જોવા મળે છે.એક જમાનો હતો જ્યારે વેરાવળ બંદર વિદેશી સ્ટીમરો અને જહાજોથી સતત ધમધમતું રહેતું હતું. ૧૩મી સદીથી જ આ બંદર વેપાર માટે જાણીતું હતું. ખાસ કરીને ૧૯૫૦ના દાયકામાં અહીંથી ઈંગ્લેન્ડ, જર્મની, રશિયા, પોલેન્ડ અને યુગોસ્લાવિયા જેવા દેશોમાં પશુદાણ, ખોળ, સિંગદાણા, કપાસ અને તલ જેવી એગ્રી કોમોડિટીની લાખો ટન નિકાસ થતી હતી. સામે પક્ષે અરબસ્તાન, ચીન, રોમ અને બેબીલોન જેવા દેશોમાંથી માલની આયાત થતી હતી.

# બોટાદ મુક્તિધામ ખાતે શ્વાન માટે લાડવા ના સેવાયજ્ઞ માં હિમાલય કોલ્ડ સ્ટોરેજ બોટાદ દ્વારા ૨૦૦ કિલો ગોળ નો સહયોગ મળ્યો



૨૦ વર્ષ થી સી.એલ. ભીકડિયા ના માર્ગદર્શન તળે ચાલતો માનવ જીવન ના અંતિમ સ્ટેશન (સ્મશાન) માં શ્વાન માટે અનોખો સેવાયજ્ઞ  કવિવર બોટાદકર ની જન્મ ભૂમિ , ઝવેરચંદ મેઘાણીની કર્મ ભૂમિ બોટાદ નગરે શહેરીજનો, વિવિધ સમાજ , સંસ્થાઓ અને નગરપાલિકા ના સહયોગ થી જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ નવનિર્મિત બોટાદ મુક્તિધામ જાયન્ટ્સ સંસ્થા ના સ્વપ્નદ્રષ્ટા  સી.એલ. ભીકડિયા ના અથાગ પરિશ્રમ થી નિર્માણ પામ્યું છે.    આ હરિયાળા સુંદર તિર્થધામ બોટાદ મુક્તિધામ ખાતે બ્રહ્મનિષ્ઠ પૂ.આંબારામ બાપુ ના આશીર્વાદ થી છેલ્લા ૨૦ વર્ષ થી અવિરત સીમ વગડા ના શ્વાન માટે દરરોજ રોટલા અને દર રવિવારે લાડવા સેવા ભાવી ભાઈઓ ના શ્રમયજ્ઞ થી બનાવી વિતરણ કરવામાં આવે છે.  આ જીવદયા ના સેવાયજ્ઞ ની વિશેષતા એ છે કોઈ ની પાસે દાન માટે હાથ લાંબો કરવામાં આવતો નથી.અને રોકડ રકમ સ્વીકારવા માં આવતી નથી. પરમાર્થ અને જીવદયા ના ઉમદા કાર્ય માટે આપ મેળે ઈશ્વર ની કૃપાથી જરૂરી  ઘંઉ ,લોટ ,ઘી ,ગોળ વગેરે આવી જાય છે.જે પરમાત્મા ના ચમત્કાર થી કમ નથી.    તાજેતર માં હિમાલય કોલ્ડ સ્ટોરેજ બોટાદ ના માલિક દિનેશ ભાઈ કળથીયા તરફ થી ૨૦૦ કિલો ગોળ શ્વાન ના લાડવા માટે સહયોગ મળેલ છે. વસ્તુ દાન કે અન્ય વિગત માટે સી.એલ. ભીકડીયા ર્.૯૬૬૨૫૧૪૪૧૭ અને પરષોતમ ભાઈ દાસ ર્.૯૯૦૪૦૬૦૫૬૯ પર સંપર્ક આવકાર્ય છે.

# જામનગરમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના સીસીટીવીમાં ચાર ગેરરીતિના કેસ નજરે ચઢ્યા




જામનગરમાં  તાજેતરમાં લેવાયેલી બોર્ડની પરીક્ષાના  સીસીટીવી કેમેરાની તપાસ કરતાં ચાર વિધાર્થીઓ ગેરરીતિ કરતા હોવા નું જોવા મળ્યું હતું.જેથી બોર્ડ ને અહેવાલ મોકલવામાં આવ્યો  છે. જામનગર સહીત રાજયભરમાં તાજેતરમાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં બંનેમાં  બે -બે  કોપીકેસ જોવા મળ્યા  હતાં. સીસીટીવી કેમેરાથી સજ્જ કેન્દ્રો પર બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. આ દરમિયાન સીસીટીવી કેમેરામાં ગેરરીતિ કેદ થઈ હતી .જામનગરમાં  ધો.૧૦માં ૨ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨  મળી કુલ ૪ કેસનો સમાવેશ થાય છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા બોર્ડમાં રિપોર્ટ કરાયો છે. પ્રાથમિક તપાસમાં ચારેય  રૂમાલ, દુપટ્ટા તથા અન્ય રીતે કાપલી એટલે કે ચીઠ્ઠી થી  પરીક્ષામાં ચોરી કરતા હોવાનું ખૂલ્યું છે. જો કે, આ ચારેય  કેસનું હિયરિંગ પરીક્ષા સમિતિ સમક્ષ થશે. આથી આખરી નિર્ણય સમિતિ કરશે. આ હિયરિંગ માં સ્થાનિક અધિકારીઓ, પરીક્ષાર્થી અને સમિતિ ના સભ્યોની ઉપસ્થિતિમાં થશે. ત્યારે જામનગરના ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં સીસીટીવી કેમેરામાં કેદ ચોરી ના ચાર કેસમાં પરીક્ષા સમિતિ શું આખરી નિર્ણય કરે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# અમદાવાદ : ઈંટોના ભઠ્ઠા પર ટ્રેક્ટર ચાલકની બેદરકારીએ દોઢ વર્ષના માસૂમનો જીવ લીધો, અકસ્માત સર્જી ચાલક ફરાર




અમદાવાદના બારેજડી-કણીજ રોડ પર ઈંટોના ભઠ્ઠા પર મજૂરીકામ કરતા એક પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઈંટો ભરવા આવેલા એક ટ્રેક્ટર ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી ત્યાં રમી રહેલા દોઢ વર્ષના માસૂમ બાળકને કચડી નાખતા બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર, મૂળ ઝાલોદના વતની અને છેલ્લા બે મહિનાથી આ ભઠ્ઠા પર પત્ની સાથે મજૂરીકામ કરતા ૨૫ વર્ષીય રવિન્દ્ર ડામોરનો દોઢ વર્ષનો પુત્ર રૂદ્રાંશ ગત ત્રીજી એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજના સમયે ભઠ્ઠા નજીક રમી રહ્યો હતો. આ દરમિયાન કમલેશભાઈ વણઝારા નામનો ચાલક પોતાનું ટ્રેક્ટર લઈને ત્યાં ઈંટો ભરવા માટે આવ્યો હતો. તેણે આસપાસ જોયા વગર બેદરકારીપૂર્વક ટ્રેક્ટર આગળ લેતા રમી રહેલા રૂદ્રાંશ પર ટ્રેક્ટરની ટ્રોલીનું પાછળનું વ્હીલ ફરી વળ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે માસૂમના માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતા તેણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો.

પોતાના હાથે અકસ્માત થયો હોવાનું જણાતા જ ટ્રેક્ટરચાલક કમલેશ વણઝારા ભયના માર્યો વાહન ત્યાં જ મૂકીને ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો. અચાનક બનેલી આ ઘટનાથી ભઠ્ઠા પર કામ કરતા અન્ય મજૂરો અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક બાળકના પિતા રવિન્દ્ર ડામોરે આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ઘટનાસ્થળનું પંચનામું કરી બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદઃ એરપોર્ટ પરથી બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી ફરી હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો




અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગને ડ્રગ્સની હેરાફેરી પકડી પાડવામાં આવી છે. ચોરી એપ્રિલ ૨૦૨૬ના રોજ કસ્ટમ્સ અધિકારીઓએ બેંગકોકથી આવેલી ફ્લાઈટના એક મુસાફરને આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચી કિંમત ધરાવતા હાઈડ્રોપોનિક ગાંજાના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. વિદેશથી હવાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાના આ પ્રયાસને કસ્ટમ્સ વિભાગે સતર્કતાથી નિષ્ફળ બનાવ્યો છે.મળતી માહિતી અનુસાર, ચોથી એપ્રિલની રાત્રે બેંગકોકના ડોન મુઆંગ એરપોર્ટથી અમદાવાદ આવેલી વિયેટજેટ એરલાઈન્સની ફ્લાઈટમાંથી એક શખસ ઉતર્યો હતો. એરપોર્ટ પર હેન્ડ બેગેજ સ્ક્રિનિંગની પ્રક્રિયા દરમિયાન કસ્ટમ્સ અધિકારીઓને શંકા જતાં આ ભારતીય મુસાફરના સામાનની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેની બેગમાંથી વેક્યૂમ સીલ કરેલા પ્લાસ્ટિકના ચાર પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટમાં રહેલા લીલા રંગના પદાર્થનું પરીક્ષણ કરતા તે ૧.૧૦૭ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો હોવાની જાણિતી થઈ હતી.

# વડોદરાઃ રૂ.૨૨ હજારની ઉઘરાણીનો વિવાદઃ પેટ્રોલપંપના માલિક સહિતની ટોળકીનો ઘાતક હથિયારો સાથે હુમલો



વડોદરાઃ રૂ.૨૨ હજારની ઉઘરાણીનો વિવાદઃ પેટ્રોલપંપના માલિક સહિતની ટોળકીનો ઘાતક હથિયારો સાથે હુમલો, પૂર્વ કર્મી સહિત ત્રણને ઈજા ૧ ર્ે દ્રઙ્મ્રી

વડોદરા નજીક ધનિયાવી રોડ ખાતે પેટ્રોલ પંપના રૂપિયા મામલે ઉદ્ભવેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. પેટ્રોલ પંપના માલિક યુવરાજસિંહ ઉર્ફે અપ્પુ મહિડા પોતાના સાગરીતો સાથે લક્ઝરીયસ કારમાં હથિયારો લઈ પૂર્વ કર્મચારી સહિત ત્રણ વ્યક્તિઓ પર હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ઘટનામાં ત્રણેયને ઈજાઓ પહોંચી છે.

ફરિયાદી ૩૩ વર્ષીય રાકેશ અશોકભાઈ રાવળ અગાઉ ધનિયાવી રોડ પર પુરંદર ફાર્મ નજીક આવેલા ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર ફિલર તરીકે નોકરી કરતો હતો. ગઈકાલે બપોરે રાકેશ પોતાના પુત્ર સાથે મોપેડ પર શાકભાજી લેવા તરસાલી બ્રિજ તરફ જતો હતો ત્યારે પેટ્રોલ પંપના માલિક યુવરાજસિંહ મહિડા ફોર્ચ્યુનર કારમાં આવી પહોંચ્યા હતા. તેમણે રાકેશ પર રૂ.૨૨ હજાર પેટ્રોલ પંપના રૂપિયા લઈ જવાનો આક્ષેપ કરી કબૂલાત અને પરત આપવાની ધમકી આપી હતી. રાકેશે આક્ષેપ નકારી કાઢતા માલિકે તેને માર માર્યો હતો.આ ઘટનાથી ભયભીત થઈ રાકેશ પોતાના પુત્ર સાથે ઘરે પરત ફર્યો હતો. પરંતુ મોડી રાત્રે ફરી હુમલો થયો હતો. રાકેશ પોતાના સાળા મેહુલ અને ભરત સાથે તેલ લેવા નીકળ્યો હતો ત્યારે ભાલીયાપુરા ગામ પાસે મ્સ્ઉ કારમાં આવેલા યુવરાજસિંહ તથા રાજવીરસિંહ ઉર્ફે અજ્જુ મહિડા, જયરાજસિંહ મહિડા, હંસરાજસિંહ મહિડા સહિત અન્ય પાંચ શખ્સોએ લાકડાના દંડા અને ધારિયાં વડે હુમલો કર્યો હતો.હુમલાખોરોના ત્રાસથી બચવા માટે ત્રણેય ખેતર તરફ ભાગ્યા હતા, હુમલાખોરોએ તેમનો પીછો કર્યો હતો. બાદમાં ગ્રામજનો એકત્ર થતા હુમલાખોરો કારમાં ફરાર થઈ ગયા હતા. ઘટનામાં રાકેશ, મેહુલ અને ભરતને ઈજાઓ પહોંચી હતી. જેમાં મેહુલને ગંભીર ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે ફરિયાદના આધારે કપુરાઇ પોલીસે આરોપીઓ સામે મારામારી, રાયોટીંગ અને ધાકધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat